ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

બારણું,બારી,અને પરસાળ, સૌ ઉંઘી ગયાં,
આંગણું એક જ અરેરે ! રાતભર વિહવળ હતું !
- ધૂની માંડલિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## ધુળમાં ધબકતા શ્વાસ...

બળબળતા બપોરે બનાસનો પટ એક વાસ્તવિક તસવીરનો હિસ્સો બની ગયો..કામલપુર ગામનાં ખોરડાં દૂરથી ડોકાઇ રહ્યાં હતા..મારા મનોજગતમાં જે તસવીર છે એ ખળખળ વહેતી લીલીછમ બનાસની છે..એ જગત હવે કદાચ મળે કે ના મળે ! આયખું પણ કેવા અટપટા અનુભવો કરાવે છે ! અતીતરાગનો આલાપ જાણેઅજાણે માણસની હયાતીને હણહણાવતો રહે છે..માણસને ભવિષ્યની તાલાવેલી હોય છે એટલે એ સડસડાટ સીધો ચાલતો રહે છે..પરંતુ એની એ ગતિ જ્યારે મંદ પડે ત્યારે વિતાવેલી વાટનું વ્હાલ એને વિંટળાઇ વયે છે.

શહેર હવે આપણા સહુની નિયતિ છે. ગામ અલપઝલપ જોવાની ઘટના માત્ર છે..કેટકેટલા વૈભવ ભરેલું એ જગત હતું..બા હતાં, બાપા હતા..ઘર હતું..મિત્રો હતા..હવે કશું જ નથી ! શહેરનો કોલાહલ ગામના આ શુન્યાવકાશને ભરી શકે ખરો ?ગામ સિવાય પણ કોઇ દુનિયા હશે એની ખબર જ ન હતી! આજે હું એની પડખે ઉભો છું એની ખબર ગામને નથી ! અમારી વચ્ચે જાણે કોઈ સેતુ જ નથી..આવી અપરિચિતતા એ સૌથી મોટો અવસાદ હોય છે..માણસ માટે ત્યાં સંવાદ કરવો કઠિન બની જાય છે..

ગામમાં સમવયસ્કો હવે જૂજ હશે..હશે એ પણ ઓળખી શકે કે કેમ ? ગામનાં ઝાડવાં,ખેતર, ધુળિયા મારગ, બધું જ જાણે ગાયબ છે..વિચ્છેદનો આ વલોપાત મને સતાવે છે..મારે ફરી બાળક થવું નથી બસ પરિચિતતાનો એક પાલવ મળી જાય એટલી જ ઝંખના છે..બનાસ હવે ભીનાશમય ભાગ્યે જ મળે છે..એ ઝાડ એ રસ્તા એ ખોરડાં ગાયબ નથી થયાં પણ સળવળી રહ્યાં હોય છે સ્મૃતિના સ્ક્રીન ઉપર !

માણસની એક દોડ હોય છે..એ વિશાળ પથ ઉપર લઈ જાય છે..પરંતુ એની શરૂઆત એક પગદંડીના પગરવથી થતી હોય છે..હજારો માઈલ કાપનાર પણ પોતાનાં પ્રથમ કદમને યાદ રાખી આગળ વધતો હોય છે..જે રીતે પ્રથમ પ્રેમની એક અમીટ છાપ હોય છે એવી જ નાનપણ કે કિશોરાવસ્થાના સ્મરણોની ચોટડૂક ભાત હોય છે.એના ભાતીગળ રંગો ભલે ઝાંખા પડી જતા હોય પણ એની ભાત ક્યારેય ભૂલાતી હોતી નથી.

કામલપુર ગામ પણ મારી જેમ ધરમુળથી બદલાઈ ગયું છે..નદીના કાંઠે તરબતર પગલીઓ પડતી..ઉભડક પુલની અટારીએથી એક નજર નાખી ગામને જીવંત કરવાની મથામણ વ્યર્થ છે..દૂર ફરફરતી નકળંગ મહારાજની ધજા ધરપત આપી જાય છે..ગામના ગોંદરેથી હવે કોઈ ગમતો અવાજ હાકલ કરે એ શક્ય નથી..બનાસની ભીતરથી ઉડેલી ધુળની એક ડમરી અચાનક આલિંગન આપી જાય છે...લાગે છે બનાસ હજુ પણ જીવે છે મારામાં !

# દિલ્હીનો રાજમાર્ગ ગુજરાતથી પણ...

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાનના સળંગ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ પછી હવે પાર્ટીના સંગઠનના સર્વોચ્ચ નેતાઓ ગુજરાત આવી આગામી વિધાનસભાની ચૂંટણી અંગે સમીક્ષા કરવાના હોય ત્યારે દેખીતી રીતે એમ જ લાગે કે ચૂંટણી નિર્ધારિત સમય કરતાં વહેલી યોજાઈ શકે છે. રાજકીય પાર્ટીઓ માટે વિજયની શક્યતા જ સૌથી અગત્યની બાબત હોય છે. એટલે જયારે ઉત્તરપ્રદેશ સહિત કેટલાંક રાજયોમાં ભારતીય જનતા પાર્ટીએ ધાર્યા કરતાં પણ વધુ સફળતા પ્રાપ્ત કરી છે ત્યારે એથી બનેલી ‘હવા’ નો લાભ લેવાનું પાર્ટી ન જ ચૂકે તે સમજી શકાય એમ છે. જો કે ગુજરાતમાં આખેઆખું મંત્રીમંડળ બદલી નાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂપાણી-પટેલ સરકાર પ્રત્યે સરજાયેલ નકારાત્મક જનમતનો ગેરલાભ આગામી ચૂંટણીમાં પાર્ટીને ન થાય એનો આગોતરો ઈલાજ તો કરી દીધો છે પરંતુ સજ્જન રાજકારમીની છાપ ધરાવતાં અને મર્યાદિત વિસ્તાર પૂરતા જાણીતા ભૂપેન્દ્ર પટેલને સુકાન સોંપીને જનમાનસમાં આશ્ચર્ય સહિત દ્વિધાનું વાતાવરણ પણ સર્જ્યુ છે. ભૂપેન્દ્ર પટેલ સરકારને ગુજરાતની પાવરફુલ પાટીદાર લોબી પોતાની સરકાર માને છે ખરી ? કદાચ નહીં ન તો એથી પાટીદાર આંદોલનના આગેવાન યુવા નેતાઓ સંતુષ્ટ થાય છે કે ના એનાથી સૌરાષ્ટ્રના પાટીદાર નેતાઓના સર્વમાન્ય પ્રતિનિધિ ગણાત ખોડલધામના વડા નરેશ પટેલ રાજી થયા છે. એમ જ હોત તો હાર્દિક પટેલે આટઆટલી ઉપેક્ષા પછી કોંગ્રેસમાં પડી રહેવાને બદલે ભૂપેન્દ્ર પટેલના સમર્થનમાં ભગવો ખેસ ધારણ કરી કારકિર્દીને નવો વળાંક આપી દીધો હોત અને નરેશ પટેલે રાજકારમ જેવા ગંદા ક્ષેત્રમાં પ્રવેશી કોઈ એક પાર્ટીનું લેબલ લાગે એ કરતાં એનાથી અંતર બનાવી ભૂપેન્દ્ર પટેલને હવે પછીની સરકારનું પણ સુકાન સોંપાવું જોઈએ એવું નિવેદન કર્યું હોત ! અર્થાત ભૂપેન્દ્ર પટેલ જેવા ઓછા જાણીતા આગેવાનને રાજયની ધુરા સોંપી દેવાથી પાર્ટીને પાટીદાર સમાજ ખોબલે ખોબલે વોટ આપી દેશે એવી માન્યતા ભૂલભરેલી છે. નરેશ પટેલ કોંગ્રેસ સાથે જશે તો પાટીદાર સમાજના ઘણા લોકો અણગમતી પાર્ટી હોવા છતાં કોંગ્રેસને એ શરતે ટેકો આપવા તૈયાર થશે કે તેઓ કોંગ્રેસની સરકાર બને તો એમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એવી શક્યતા છે. કોંગ્રેસ માટે આ ચૂંટણી સીમાચિહ્નરૂપ બની શકે છે. ૨૦૧૭ની ચૂંટણીમાં થોડીક બેઠકો ઓછી પડતાં કોંગ્રેસ સત્તાથી દૂર રહી ગઈ હતી. એમાં શંકરસિંહ વાઘેલાની નારાજગીએ સૌથી મહત્ત્વનો ભોગ ભજવ્યો હતો. હવે જયારે સોનિયા ગાંધી ગુજરાતની ચૂંટણીનું સુકાન પ્રશાંત કિશોર જેવા તજજ્ઞને સોંપી રહ્યાં છે ત્યારે જ્ઞાતિ સમીકરણો સરખાં કરવા માટે શંકરસિંહ વાઘેલા અને વિપુલ ચૌધરી જેવા અસંતુષ્ટ છતાં પ્રજામાં વગ ધરાવતા નેતાઓથી લઈ નરેશ પટેલ જવા પાટીદાર આગેવાનને પ્રવેશ અપાવી ઓબીસી નેતા અને પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરના નેતૃત્વમાં ચૂંટણી ઝૂંબેશ ચલાવે તેવી શક્યતા છે. દલિત નેતા અને વડગામના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની આસામ પોલીસે કરેલી ધરપકડથી ગુજરાતના સમગ્ર દલિત સમાજમાં ભારતીય જનતા પાર્ટીથી લઈ નરેન્દ્ર મોદી વિરુદ્ધ નકારાત્મક અભિગમ સરજાઈ શકે છે. આવા સંજોગોમાં વ્યૂહરચનાના માહેર સીઆર પાટિલ અને પ્રશાંત કિશોર વચ્ચેની રાજકીય કશ્મકશનું પ્રદર્શન પણ જોવા મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ગુજરાતમાં છેક ’૯૫ની સાલથી ચાલી આવતી ભાજપ સરકાર વધુ એક ટર્મ મેળવે એ માટે ચિંતાતુર રહેશે. ભલે એમ કહેવાતું હોય કે દિલ્હીનો રાજમાર્ગ લખનૌ-વારાણસીથી પસાર થાય છે પણ હવે એમાં અમદાવાદ-ગાંધીનગર - રાજકોટ અને સુરત પણ ઉમેરાયાં છે એ ભૂલવું ન જોઈએ.

# ‘ઓખા હરણ’ના રસપ્રદ અંશો



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

પ્રેમાનંદ (ઈ.સ. ૧૬૩૬ થી ૧૭૩૪) ભક્ત કવિ હતા, લોકપ્રિય આખ્યાનકાર હતા, કારણ કે રસસિદ્ધ કવીશ્વર હતા. એમની ૫૭ રચનાઓ છે. આમાંની એક આખ્યાન ‘ઓખાહરણ’ છે. ચૈત્ર મહિનામાં એના પાઠનો મહિમા છે. આમાં ૯૩ કડવાં (પદ્ય ખંડો) છે. અહીં આમાંથી કેટલાક રસપ્રદ અંશો આપ્યા છે :

(૧) ગોર્યમા ! માગું રે મારા બાપના રાજ,
માતા સદાયે સોહાગણી.
ગોર્યમા ! માગું રે મારા સસરાના રાજ,
સાસુને પ્રજા ઘણી.
ગોર્યમા ! માગું રે તમારી પાસ,
અખંડ હેવાતણી ઘાટડી.
ગોર્યમા ! માગું રે સરખા સરખી જોડ,
માથે મનગમતો ધણી (૨૬)

(૨) ઓખા કહે અમે પેઠા પાણીમાં, તરવા તુંબાં ગ્રહ્યા.
હું આવી સમુદ્ર વચમાં, તુંબા ફૂટી ગયાં.
ઓખા કહે તરસ લાગી મારા તનમાં,
સરોવર તીરે હું ગઈ, પીવા ઝબોળી કાય.
મારાં ભર્યાં સરોવર ગયા સુકાઈ (૨૯)

(૩) સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ,
રત્નાકર ગોમતી ત્યાં, રાજ કરે રણછોડ,
સોરઠ દેશ સોહામણો, ન ચઢ્યો ગઢ ગિરનાર.
ન ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર.
અ નગર રહે માનવી, તેણે ધણા ધણા જુહાર.
આજરે સ્વપ્નમાં દીઠા ગોમતીના નીર રે... (૩૭)

(૪) ચિત્રલેખા બોલી વાત રે, ઢાંકી રાખો તમારી જાત રે.
હમણાં વાતો કાઢીશ, વડવા તણી રે,
સત્રાજિતને કાજે રે, મણિ લેવા ગયા મહારાજ રે;
ત્યાંથી પરણી લાવ્યા, જાંબુવંતી રીંછડી રે.
કહો તો વાત વધારી કહીએ, નિકર અહીંથી છાના રહીએ રે (૪૭)

(૫) બાણમતી બાણાસુરની રાણી, જળભરે ચક્ષુજી
પુત્રી જમાઈ ભૂખ્યાં જાણી, છાનું મોકલે ભક્ષજી (૬૬)

(૬) વેવાણ આળિયાં રે
જેની જોવા સરખી જાત, વેવાણ આવિયાં રે,
જેના સુપડા જેવા કાન, વેવાણ આવિયાં રે,
એની આંખ અંધારા કૂપ, વેવાણ આવિયાં રે.
મુખ બોલે વચન વિકરાળ, વેવાણ આવિયાં રે... (૭૬)

(૭) ઘુસળ મુસળ રવઈયો રે, સરિયો, સંપુટને ત્રાક
ઈંડી પીંડી ઉતારિયાં રે, વરનું તિલક કરી તાણિયું નાક.
પુંખવા આવી પ્રેમદા રે, માથે મેલી મોડ.
રામણ દીવડો ઝળહળે રે, રૂક્ષ્મણીએ ઘાલ્યો મોડ (૮૪)

(૮) સાસરિયાના સાથમાં, તું ડાહી થા જે દિકરી.
હું તુજને શિખામણ દઉં, તે રખે જાતે વિસરી
સાસરિયના સાથમાં, હળવે હળવે ચાલિયે.
સાસરિયાના સાથમાં, ખોળે ખાવું ના ઘાલિયે.
સારસિયાના સાથમાં, પરપુરુષથી હસી તાળી નવ લીજીએ (૯૦)

(૯) તારા બાપનો બાપ તેડાવ, છોગાળા દોરડો નવ છૂટે રે.
તારી રેબતી કાકી તેડાવ, છબીલા દોરડો નવ છૂટે રે.
તારો બાણા સુર તાત તેડાવ, લાડી દોરડો નવ છૂટે રે,
તારી શુદ્ધ બુદ્ધ ભોજાઈ તેડાવ, હો લાડી દોરડો નવ છૂટે રે
તારી ચિત્રલેખા ચોર તેડાવ, હો લાડી દોરડો નવ છૂટે રે.
ઓખા છોડે દોરડો, ને જાદવ જુવતી ગાય.. (૯૨)




### દિન મહિમા

● આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ.

### આજનું ઔષધ

● આંખ લાલ રહેતી હોય તો આંખમાં ઘી આંજવાથી રતાશ દૂર થાય છે.

### ખડખડાટ

● ગુજરાતી : Kem Chho ?
ચાઈનીઝ : How do you know my Name ?

### આજનો વોટ્સએપ

● વાણીમાં પણ કેવી અજબ શક્તિ હોય છે કડવું બોલનારનું મધ વેચાતું નથી. ... અને મીઠું બોલનારના મરચા પણ વેચાઈ જાય છે...

# વલ્લભ ભટ્ટનું નામ કયા સાહિત્ય પ્રકાર સાથે જોડાયેલ છે ?



**ખજાનો**
**અનિલ પટેલ**

### ગુજરાતી સાહિત્ય

૧ કવિ ભાલણનું મૂળ નામ શું હતું ?
(અ) રણછોડ (બ) પુરુષોત્તમ
(ક) કેશવ (ડ) રાધેશ્યામ

૨ ગુજરાતી સાહિત્યમાં રોજનીશી લખવાનો પ્રથમ પ્રયાસ કોણે કર્યો હતો ?
(અ) દુર્ગારામ મહેતા (બ) ગોવર્ધનરામ ત્રિપાઠી
(ક) કિશોરલાલ મશરુવાળા (ડ) કાકા સાહેબ કાલેલકર

૩ ‘ઈર્શાદ’ એ કયા સાહિત્યકારનું ઉપનામ છે?
(અ) રાજેન્દ્ર શાહ (બ) જયોતિન્દ્ર દવે
(ક) ચિનુ મોદી (ડ) જોસેફ મેકવાન

૪ ગુજરાતી સાહિત્યમાં પ્રતિકાવ્યો શરૂ કરવાનો યશ કોને જાય છે?
(અ) કવિ ન્હાનાલાલ (બ) પ્રીતમદાસ
(ક) પ્રેમાનંદ (ડ) કવિ ખબરદાર

૫ ગુજરાતી સાહિત્યમાં એકાંકી સ્વરુપની શરુઆત કોણે કરી ?
(અ) બટુભાઈ ઉમરવાડિયા (બ) બકુલ ત્રિપાઠી
(ક) સુરેશ જોષી (ડ) ચંદ્રકાન્ત બક્ષી

૬ ડાયરીના માધ્યમથી લખાયેલ નવકથા ‘ઝંઝા’ કયા સાહિત્યકારનું સર્જન છે?
(અ) અમૃતલાલ શેઠ (બ) પીતાંબર પટેલ
(ક) રાવજી પટેલ (ડ) અનિલ જોષી

૭ અખાના છપ્પા રૂપી ચાબખાઓને ‘ત્રીજા નેત્રની પ્રસાદી’ તરીકે કોણ ઓળખાવ્યા છે ?
(અ) મકરંદ દવે (બ) બ.ક. ઠાકોર
(ક) લાભશંકર ઠાકર (ડ) રમણલાલ વ. દેસાઈ

૮ પંચતંત્રનો ગુજરાતી ભાષામાં સૌપ્રથમ ‘પંચોખ્યાન’ નામે અનુવાદ કોણે કર્યો હતો ?
(અ) ફરદુનજી મર્ઝબાન (બ) મોહંમદ માંકડ
(ક) મધુરાય (ડ) કૃષ્ણકાંત મદ્રાસી

૯ વલ્લભ ભટ્ટનું નામ કયા સાહિત્ય પ્રકાર સાથે જોડાયેલ છે ?
(અ) ભજન (બ) દુહા
(ક) નાટક (ડ) ગરબા

૧૦ ગુજરાતી ગઝલના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) અમૃત ઘાયલ (બ) બાલાશંકર કંથારિયા
(ક) મરીઝ (ડ) આપા હમીર

૧૧ ‘મને અલ્પાત્માને માપવાનું સારું સત્યનો ગજ કદી ટૂંકો ન થાઓ’ આ કોની ઉક્તિ છે?
(અ) ગાંધીજી (બ) વિનોબા ભાવે
(ક) સરદાર પટેલ (ડ) નરસિંહ મહેતા

૧૨ જીવન માંગલ્યના કવિ તરીકે કોણ ઓળખાય છે?
(અ) દલપતરામ (બ) ઉમાશંકર જોષી
(ક) સ્નેહરશ્મિ (ડ) દયારામ

૧૩ કયા કવિ પોતાને ‘પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ’ તરીકે ઓળખાવે છે ?
(અ) ન્હાનાલાલ (બ) નરસિંહરાવ દિવેટિયા
(ક) ઉમાશંકર જોષી (ડ) નટવરલાલ પંડ્યા

૧૪ કયા કવિ ‘સુરતાની વાડીનો મીઠો મોરલો’ તરીકે ઓળખાય છે?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) કલાપી
(ક) નરસિંહ મહેતા (ડ) નર્મદ

૧૫ ગુજરાતી અસ્મિતાના આદ્યપ્રવર્તક તરીકે કોણ જાણીતું છે?
(અ) ક.મા. મુનશી (બ) ઝીણાભાઈ દેસાઈ
(ક) રણજિતરામ મહેતા (ડ) એલેકઝાન્ડર ફાર્બસ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

● ૨૨ એપ્રિલ : ધરતી દિન
- અમેરિકાના ગેલોર્ડ એન્ટીમ નેલ્સને અમેરિકામાં પ્રથમ ધરતી દિનની ઉજવણી કરી હતી (૧૯૭૦)
- સ્પેનિશ લેખક મીગ્યુઅલ ડે સેરવેન્ટ્સનો જન્મદિવસ (૧૫૪૭)
- ગ્રીન હાઉસના ઘટાડો કરવા કલાયમેન્ટ ચેન્જ પેરીસ એગ્રીમેન્ટ પર ૧૭૦ દેશોએ સહી કરી (૨૦૧૬)

● ૨૩ એપ્રિલ : આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ
- મહાન નાટ્યકાર વિલિયમ સેક્સપિયરનો જન્મદિવસ (૧૬૧૬)
- રશિયાના રાજનેતા બોરીસ ટોલ્સીનનું ૭૬ વર્ષની વયે નિધન (૨૦૦૭)
- માર્ટિન લ્યૂથર કિંગના સહાયક જમ્સ અર્લ રે નું ૭૦ વર્ષની વયે જેલમાં જ નિધન થયું (૧૯૯૮)
- કોલાકોકા કંપનીએ ‘કોકે’ નામનું સોફ્ટ ડ્રીંક્સ બજારમાં મુક્યું (૧૯૮૫)
- ક્વૉન્ટમ થિયરી આપનાર જર્મન ભૌતિકશાસ્ત્રી મેક્સ પ્લેન્કનો જન્મદિવસ (૧૮૫૮)

● ૨૪ એપ્રિલ : પંચાયતી રાજ દિવસ
- હિન્દીના પ્રખર કવિ રામધારીસિંહ દિનકરનું નિધન (૧૯૭૪)
- દુનિયાના પ્રથમ કલોન કૂતરા સ્નૂપીનો દક્ષિણ કોરિયામાં જનમ (૨૦૦૫)
- મહાન ક્રિકેટર સચિન તેંડુલકરનો જન્મદિવસ (૧૯૭૩)
- અમેરિકન એક્ટ્રેસ, સિંગર, ડીરેકટર અને પ્રોડ્યુસરનો જન્મદિવસ (૧૯૪૨)

● ૨૫ એપ્રિલ : વિશ્વ મેલેરિયા દિવસ
- હર્બલ ટેલિસ્કોપને નાશા એ અવકાશમાં સ્થાપિત કર્યું (૧૯૯૦)
- નેપાલના કાઠમંડુમાં ૭.૮નો ધરતીકંપ આવ્યો (૨૦૧૫)
- પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની આર્મી ટુકડીઓએ પશ્ચિમ તુર્કીનાં ગેલેપોલીમાં ઉતરી (૧૯૧૫)
- નોબેલ પારિતોષિક વિજેતા રેડિયોના શોધક ગુલીએમો માર્કોનીનો જન્મદિવસ (૧૮૭૪)

● ૨૬ એપ્રિલ :
- ઉક્રેનના ચર્નોબિલ ખાતે આવેલ ન્યુક્લિઅર પાવર પ્લાનમાં દુર્ઘટના થઈ (૧૯૮૬)
- મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનનું અવસાન (૧૯૨૦)
- વિશ્વના પ્રકૃતિ પ્રેમી ચિત્રકાર જહોન જેમ્સ ઓદુખનનો જન્મદિવસ (૧૮૫૧)
- સાહિત્યકાર હસિત બૂચનો જન્મદિવસ (૧૯૨૧)

● ૨૭ એપ્રિલ :
- અમેરિકન સિવિલ રાઈટ્સ કાર્યકર કોરેટ્ટા સ્કોટ કીંગનો જન્મદિવસ (૧૯૨૭)
- કિંગ ઓફ નેધરલેન્ડ વિલિયમ એલેકઝાન્ડર કણુસ જયોર્જનો જન્મદિવસ (૧૯૬૭)
- બ્રિટિશ પાર્લામેન્ટ - હાઉસ ઓફ કોમનના પ્રથમ મહિલા સ્પીકર તરીકે બેટ્ટી બ્રુથોર્ડની નિયુક્તિ થઈ (૧૯૯૨)
- ટેલિગ્રાફના શોધક મોર્સનો જન્મદિવસ (૧૭૧૯)

● ૨૮ એપ્રિલ :
- ઈટાલિયન તાનાશાહ બેનીટો મુસોલીનની હત્યા (૧૯૪૫)
- ઈરાકના તાનાશાહ સદ્દામ હુસેનનો જન્મદિવસ (૧૯૩૭)
- અમેરિકન ઉદ્યોગપતિ ડેનીશ ટીટો અવકાશની સફરે જનાર પ્રથમ ટુરીસ્ટ બન્યા (૨૦૦૧)
- પ્રખર અર્થશાસ્ત્રી, પત્રકાર, તંત્રી ગગનવિહારી મહેતાનું નિધનય (૧૯૯૪)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

ઈમરાનખાન સરકારના પતન પછી પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો ?

જવાબ : શેહબાઝ શરીફ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૪) ઋજિત રાવલ : સે-૭ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) રુચિત પટેલ : ધોળેશ્વર પાસે (૭) નિરલ બી મોદી : સે-૪ (૮) મીત પટેલ : સરગાસણ(૯) એન બી ચુડાસમા : સેકટર-૩બી

### આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં શત્રુઘ્ન સિંહા કયા રાજયમાંથી ચૂંટાઈને સંસદસભ્ય બન્યા ?

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ગણતરી કરીએ, ગણતરીબાજ ના બનીએ



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

‘મરીઝ’ સાહેબનો એક શૅર છે :
‘બીજી તરફ છે બધી વાતોમાં હિસાબ હિસાબ,
અહીં અમારા જીવનમાં કશું ગણિત નથી !’

કવિ હોવાથી ‘મરીઝ’ સાહેબ એમની ગઝલોમાં માત્રામેળ, અક્ષરમેળ, પંક્તિઓ, પ્રાસ, કાફિયા-રદીફની પાક્કી ગણતરી અને ચોક્કસ હિસાબ જરૂર રાખતા હશે જ, પરંતુ પાછા કવિ હોવાના નાતે એમનો મોટો કારોબાર, તગડી આવક નહીં જ હોય ને પાછા ઋજુ-સંવેદનશીલ હૃદયી અને દુનિયાદારી પ્રતિ લાપરવા હોવાથી બેંક બેલેન્સ પણ નહીં હોય એટલે ‘મરીઝ’ સાહેબને હિસાબ કિતાબ અને ગણિત - ગણતરીની કડાકૂડ ન હોય એથી આવું કહી શકે તે સ્વાભાવિક છે...

પરંતુ સંસાર લઈને બેઠેલા, સામાજિક વ્યવહારોમાં ખૂંપેલા બીજા બધાએ તો હિસાબ રાખીને અને ગણિત માંડીને જીવતાં શીખવું જ પડે... નહીં તો એની જીવનગાડી પાટા ઉપરથી ઉતરી જવાનો કે વ્યવહાર કરવા - સાચવવામાં ચૂક થઈ જતાં ટીકા-ટિપ્પણીનો ભોગ થઈ પડવાનો અને એના લીધે કયારેક સંબંધો બગડી જવાનો પૂરો ભય રહે છે...

માણસે ગણતરી રાખીને જીવવું જોઈએ એ સાચું પણ ‘ગણતરીબાજ’ જ. બની રહેવું જરૂરી છે કે કેમ કે એ પ્રશ્ન છે.... ઘણી વ્યક્તિઓ ડગલેને પગલે, દરેક વાતમાં હિસાબ કરનારીને અને ગણતરી માંડીને આગળ વધનારી હોય છે, પરંતુ દરેક વખતે આ અભિગમ સાચો નથી હોતો.

હમણાં મેરેજ સીઝન ચાલે છે... એક સગાંને ત્યાં અમારે લગ્નમાં જવાનું હતું. એમાં અમારા એક વડીલને ય આવવાનું હોવાથી એમને લેવા વડીલના ઘરે ગયા.

‘ચાલો, તૈયાર ને અંકલ ?’ અમે બારણે જ ઊભા રહી પૂછ્યું.

‘રેડી તો કયારનો ય છું પણ મારે ને તમારી કાકીને એક મુદ્દે મેળ પડતો નથી...’ અંકલે ઊભા થતાં કહ્યું.

‘આમાં કશું નવું નથી, અંકલ - બધાનાં ઘરમાં પતિ-પત્ની વચ્ચે એક મતિ ને સંમત થવા જેવા મુદ્દા બહુ ઓછા હોય છે... તમારે કયા મુદ્દે મડાગાંઠ પડી છે ?’

‘ભાઈ, ચાંલ્લો કેટલો કરવો એ મુદ્દે...’

ત્યાં કાકી તાડૂક્યા : ‘ભાઈ, આ જોને.... તારા કાકા વીસ વર્ષ પહેલાં અમારા છેલ્લા છોકરાનાં લગન થયેલા ત્યારે આવેલા ચાંલ્લાની નોટ કાઢીને બેસી ગયા છે ને કહે છે કે એણે આપણે ત્યાં ત્યારે એકસો એકાવન રુપિયા ચાંલ્લો કરેલો તે આપણે એટલો જ કે બહુ બહુ તો બસ્સો એક કરીએ... હવે એવા આટલા વર્ષે ગણતરીબાજ બનીને એ જૂની રકમ પકડીને બેસી રહેવાતું હશે ? સમજાવો તમારા કાકાને....’

આ તો એક ઉદાહરણ છે.... પણ ઘણાં બધા આવા ગણિત પકડીને ચાલતા નથી હોતાં ? કોઈ વળી એવું વિચારે કે કંકોતરી ભલે આવી, ચાંલ્લો કોઈક સાથે મોકલી આપીએ પણ આવી ગરમીમાં લગ્નમાં જઈને બીમાર નથી પડવું તો ‘ગણતરીબાજ’ વ્યક્તિ કહેશે ચાંલ્લો કરીએ છીએ તો જમવું તો પડે જ ને ! ચાંલ્લો વસુલ કરવાની, પેટ બલે બગડે પણ હોટલમાં, ‘અન લિમિટેડ ડીશ’ ના પૈસા ચૂકવવાના છે તો એનો કસ કાઢવાની મનોવૃત્તિ કે સ્વભાવ વાળી વ્યક્તિ ‘ગણતરીબાજ’ કહેવાય. મજાની વાત એ છે કે આવા ‘ગણતરીબાજો’ આપવામાં ગણતરી રાખે છે, લેતી વખતે બધું ભૂલી જતા હોય છે !!!

જીવનમાં દરેક વાતમાં, પ્રત્યેક સાથેનાં વ્યવહારમાં ચોક્કસ ગણતરી સાથે કે બાંધછોડ નહીં કરવાના અભિગમ સાથે જીવનમાં મજા નથી હોતી.

જયાં ગણતરીઓ હોય છે ત્યાં ઉષ્મા, ઉમળકો, પ્રેમભાવ ઓછાં અને સ્વાર્થ, દંભ વ્યવહાર સાચવવા ખાતર થતા વ્યવહારની વાત વધુ હોય છે... તેથી જ દરેક બાબતમાં ‘ગણતરીબાજ’ બનવામાં શાણપણ કે હોંશિયારી નથી. જીવવાની મજા, સંબંધોની સુવાસ ને અંદરની ખુશી તો થોડું ભૂલી જવામાં, બાંધછોડ કરવામાં, લીધા-આવ્યાના હિસાબ ને ગણિતને ચોપડામાં જ બંધ રાખવામાં જ હોય છે...‘ગીવ એન્ડ ટેક’ સંસારનો નિયમ ભલે છે પરંતુ ‘ગીવ’ કહેતા આપતી વખતે ઉદારતા અને ‘ટેક’ કહેતાં લેતી વખતે મન મોટું રાખતા આવડ્યું તો કદાચ થોડી ભૌતિક ખોટ ભલે જાય, સરવાળે ફાયદો જ ફાયદો છે એ નક્કી છે.... માટે હિસાબ કરીએ ખરા, રાખીએ નહીં અને કોઈની જોડે ‘હિસાબ પતાવી જ દઉં’ એવો તથા ગણતરી માંડીએ, ગણતરીપૂર્વક જીવીએ પણ હરહંમેશ કડક ‘ગણતરીબાજ’ ના બનીએ એવો ભાવ કેળવીને મતલબ કે ‘મરીઝ’ સાહેબ કહે છે એમ ‘હિસાબ’ ને ‘ગણિત’ વગર જીવીએ તો ભયો ભયો...